

# ઓવલ ઓફિસમાં ટ્રમ્પની હાજરીમાં નાનકડા બાળકની તોફાની અદાઓ

**એક** કંપનીની દવાથી શ્રવણશક્તિ મેળવનાર આ બાળકને ખાસ કાર્યક્રમમાં તેની માતા સાથે હાજર રખાયો હતો

વોશિંગ્ટન, તા. ૨૪: ઓવલ ઓફિસમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન, બે વર્ષના બાળકની સાંભળવાની શક્તિ પાછી લાવનારી એક 'ચમત્કારી' દવા જોઈને ડોનાલ્ડ ટ્રમ્પ દંગ રહી ગયા હતા. આ પ્રસંગે તે નાના બાળકે સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

વહીવટીતંત્ર દ્વારા પ્રિસ્ક્રિપ્શન દવાઓના ભાવ ઘટાડવાના પ્રયાસોની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમમાં, ૨ વર્ષનો ટ્રેવિસ સ્મિથ તેની માતા સિએરાના ખોળામાં કિલકિલાટ કરતો અને હસતો જોવા મળ્યો હતો.

જન્મથી સંપૂર્ણપણે બહેરા આ બાળકને 'રિજનરોન' કંપનીની એક દવા આપવામાં આવી હતી, જેણે પાછળથી તેની સાંભળવાની શક્તિ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી. અમેરિકન માર્કેટમાં દવાઓના ભાવ ઘટાડવા માટે વહીવટીતંત્ર સાથે કરાર કર્યા બાદ આ કંપનીને વ્હાઇટ હાઉસમાં આમંત્રિત કરવામાં આવી હતી. ટ્રમ્પે ટિપ્પણી કરતા કહ્યું, આ ખરેખર અવિશ્વસનીય છે. પ્રમુખે ઉત્સાહપૂર્વક જણાવ્યું કે, તે ૧૦૦ ટકા બહેરો હતો, પરંતુ તેણે આ ચમત્કારી ઈલાજ અપનાવ્યો અને હવે તે તેની માતા સિએરાને 'આઈ લવ યુ' કહેતા સાંભળી શકે છે. આ બાળકની નટખટ અદાઓએ વ્હાઇટ હાઉસની ઓવલ ઓફિસમાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું.



# અમેરિકાના ઓકલાહોમામાં ભીષણ વંટોળિયો: વ્યાપક નુકસાન

**કેટલાક** મકાનો તૂટી પડયા, કારો હવામાં ફંગોળાઇ

વોશિંગ્ટન, તા. ૨૪: ગુરુવારે રાત્રે ઓક્લાહોમામાં ત્રાટકેલા ભીષણ વંટોળે કેટલાક ઘરોને જમીનદોસ્ત કરી દીધા હતા, કારોને હવામાં ફંગોળી દીધી હતી અને રહેવાસીઓને ભયના ઓથાર હેઠળ મૂકી દીધા હતા, જ્યારે ચાર રાજ્યોના લાખો લોકો હજુ પણ ટોર્નેડોની ચેતવણી હેઠળ છે.

નેશનલ વેધર સર્વિસે પુષ્ટિ કરી છે કે ગુરુવારે સાંજે લગભગ 7:30 વાગ્યે કેન્સાસ સરહદ નજીક ઓક્લાહોમાના કે કાઉન્ટીમાં આવેલા બ્રામન શહેરમાં એક વંટોળ સર્જાયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે તે સમયે શહેરમાં પહેલેથી જ વીજળી ગુલ હતી, જેના કારણે વંટોળ શહેરમાં પ્રવેશ્યું ત્યારે સાયરન વાગી શક્યા ન હતા. તેના બરાબર એક કલાક પછી, હવામાન વિભાગે પુષ્ટિ કરી કે રાત્રે 8:40 વાગ્યે લગભગ 50,000 ની વસ્તી ધરાવતા એનિડ શહેરની દક્ષિણ-પૂર્વ બાજુએ બીજું વંટોળ રચાયું હતું, જ્યાં તેણે વાન્સ એરફોર્સ બેઝને અસર કરી હતી. એરફોર્સ બેઝ પર માત્ર સામાન્ય નુકસાન નોંધાયું હતું, પરંતુ તેની પૂર્વમાં આવેલા ગ્રેરીજ વિસ્તારમાં ઘરો ધરાશાયી થવા સાથે ભારે નુકસાન થયું હોવાનું કોસુ રિપોર્ટ્સ જણાવે છે. સ્ટોર્મ ટ્રેકર્સના જણાવ્યા અનુસાર, એક વિશાળ વમળ, જે એક નાના વંટોળ સાથે ભળી ગયું હતું, તે લગભગ 40 મિનિટ સુધી જમીન પર સક્રિય રહ્યું હતું.

# ચીનમાં લશ્કર સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકોના રહસ્યમય મૃત્યુઓ

**છેલ્લા** કેટલાક સમયમાં નવ જેટલા આવા વૈજ્ઞાનિકોનાં મોત થયા છે

**અમેરિકાના** ૧૧ વૈજ્ઞાનિકોના મોત કે લાપતા થવાની ઘટનાઓના અહેવાલ પછી હવે ચીનમાંથી અહેવાલ

બૈજિંગ, તા. ૨૪: છેલ્લા કેટલાક સમયમાં 11 અમેરિકન વૈજ્ઞાનિકોના મોત અને ગુમ થવા અંગેના અહેવાલ થોડા દિવસ પહેલા આવ્યા હતા ત્યાં હવે ચીનમાં ઓછામાં ઓછા નવ વૈજ્ઞાનિકોના રહસ્યમય રીતે મોત થયા હોવાના અહેવાલ પણ આવ્યા છે જેને પગલે અટકળો વધુ તેજ બની છે.

ચીનના ઘણા કિસ્સાઓમાં મૃત્યુનું કારણ અકસ્માત, બીમારી અથવા અકલ્પનીય ઘટનાઓ તરીકે નોંધવામાં આવ્યું છે. જો કે વ્યક્તિગત રીતે આ ખુલાસાઓ સીધા અને સરળ લાગે છે, પરંતુ સામૂહિક રીતે જોતા તેઓ વધુ તપાસ અને શંકાના દાયરામાં આવ્યા છે. સૌથી વધુ મૂંઝવણભર્યો કિસ્સો 38 વર્ષીય સંરક્ષણ ટેકનોલોજી પ્રોફેસર ફેંગ યાંગહેનો છે, જેમનું જુલાઈ 2023માં બેઈજિંગમાં મોડી રાત્રે એક કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. ન્યૂઝવીકના અહેવાલ મુજબ, તેઓ તેમના મૃત્યુ પહેલા તાઈવાન પરના સંભવિત આક્રમણ સંબંધિત યુદ્ધાભ્યાસ પર કામ કરી રહ્યા હતા. સત્તાવાર અહેવાલો જણાવે છે કે જ્યારે અકસ્માત થયો ત્યારે ફેંગ એક કામકાજની મીટિંગ પતાવીને પરત ફરી રહ્યા હતા. પરંતુ અટકળો ત્યારે વધી જ્યારે તેમના મૃત્યુના સમાચારમાં તેમને 'સત્તાવાર ફરજ બજાવતી વખતે બલિદાન' આપ્યું હોવાનું વર્ણવવામાં આવ્યું, જે શબ્દો માર્ગ અકસ્માત માટે અસામાન્ય ગણાય છે.

તેમની અંતિમવિધિ એક હાઈ-પ્રોફાઈલ કબ્રસ્તાનમાં કરવામાં આવી હતી જે સામાન્ય રીતે રાષ્ટ્રીય હસ્તીઓ માટે હોય છે, જેણે લોકોનું વધુ ધ્યાન ખેંચ્યું હતું.

અહેવાલો તાજેતરના વર્ષોમાં ચીની વૈજ્ઞાનિકોના ઓછામાં ઓછા નવ આવા જ મૃત્યુ તરફ ઈશારો કરે છે.

આમાંના ઘણા વૈજ્ઞાનિકો લશ્કરી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સ્પેસ ડિફેન્સ અને હાયપરસોનિક શસ્ત્રો જેવા અત્યંત સંવેદનશીલ ક્ષેત્રોમાં કામ કરી રહ્યા હતા. જેમાં ડિસેમ્બર 2024માં કાર અકસ્માતમાં મૃત્યુ પામેલા અવકાશ નિષ્ણાત ઝાંગ ઝિયાઓક્સિન, 2018માં સમાન ઘટનામાં મૃત્યુ પામેલા માઈક્રોઈલેક્ટ્રોનિક્સ નિષ્ણાત ચેન શુમિંગ અને ડિસેમ્બર 2023માં મૃત્યુ પામેલા રસાયણશાસ્ત્રી ઝોઉ ગુઆંગયુઆનનો સમાવેશ થાય છે, જેમનું કારણ જાહેર કરવામાં આવ્યું નથી. અન્ય કિસ્સાઓમાં યાન હોંગ અને ફાંગ ડેનિંગનો સમાવેશ થાય છે, જે બંને હાયપરસોનિક્સના ક્ષેત્રમાં કામ કરતા હતા. બીજા પણ કેટલાક વૈજ્ઞાનિકો રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામ્યા છે.

પેજ 3

## શાહરૂખ ખાનની મેનેજરે રૂ. 38.21 કરોડના ત્રણ એપાર્ટમેન્ટ ખરીદ્યા



મુંબઈ, તા. 24: શાહરૂખ ખાનના લાંબા સમયના મેનેજર પૂજા દદલાણી, તેમના પતિ હિતેશ પ્રકાશ ગુરનાણી અને પિતા મોહન શિયોરામ દદલાણીએ મુંબઈના બાંદ્રા વિસ્તારમાં ત્રણ એપાર્ટમેન્ટમાં રોકાણ કર્યું છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો મુજબ, આ સમગ્ર વ્યવહારની કિંમત રૂ. 38.21 કરોડ આંકવામાં આવી છે. આ એપાર્ટમેન્ટ્સ કાર્ટર રોડ પર આવેલા 'વરુણ' નામના બિલ્ડિંગમાં પુનઃવિકાસ પ્રોજેક્ટ હેઠળ છે. ઉપરના માળ પર સ્થિત આ યુનિટ્સ લોટસ ડેવલપર્સની પેટાકંપની 'ટ્રાયક્ષ રિયલ એસ્ટેટ પ્રાઇવેટ લિમિટેડ' પાસેથી ખરીદવામાં આવ્યા છે. પૂજા દદલાણી, તેમના પતિ અને પિતાએ પ્રત્યેક એક-એક એપાર્ટમેન્ટ ખરીદ્યો છે. પૂજા દદલાણી બોલિવૂડના સૌથી પ્રખ્યાત સેલિબ્રિટી મેનેજર્સમાંના એક ગણાય છે, જે શાહરૂખ ખાનના પ્રોફેશનલ કેલેન્ડર, એન્ડોર્સમેન્ટ્સ અને જાહેર કાર્યક્રમોનું સંચાલન કરે છે.

## ફેન્ટી બ્યૂટીના લોન્ચિંગ માટે રિહાનાનું મુંબઈમાં આગમન



મુંબઈ, તા. 24 (પીટીઆઈ): બોલિવૂડની ચમક-દમક વચ્ચે ફરી એકવાર ગ્લોબલ મ્યુઝિક સેન્સેશન રિહાનાએ મુંબઈની ધરતી પર પગ મૂક્યો છે. ગુરુવારે સાંજે જ્યારે આ ગ્રેમી વિજેતા સિંગર ઓલ-બ્લેક આઉટફિટમાં એરપોર્ટ પર જોવા મળી, ત્યારે પાપારાઝીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રિહાનાએ પણ ખૂબ જ સાદગીથી સ્મિત આપીને કેમેરા સામે વેવ કર્યું હતું. રિહાના તેની બ્રાન્ડ 'ફેન્ટી બ્યૂટી' (Fenty Beauty) ના એક ખાસ પ્રમોશનલ ઈવેન્ટ માટે ભારત આવી છે. દક્ષિણ મુંબઈના એક આલીશાન મોલમાં શુક્રવારે સાંજે 'ફેન્ટી બ્યૂટી કી હવેલી પોપ-અપ' નામનો એક ભવ્ય કાર્યક્રમ યોજાવાનો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ટૂંકી મુલાકાત દરમિયાન રિહાના રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના બોર્ડ મેમ્બર ઈશા અંબાણી પિરામલને પણ મળી શકે છે. એટલું જ નહીં, એવી પણ ચર્ચા છે કે તે ફરી એકવાર જામનગરની મુલાકાત લેશે. યાદ અપાવી દઈએ કે, માર્ચ 2024માં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ફંક્શનમાં રિહાનાના પર્ફોર્મન્સે ધૂમ મચાવી હતી. તેના 'ડાયમંડ્સ' અને 'રયુડ બોય' જેવા ગીતોના કરોડો ફેન્સ ભારતમાં છે. મુંબઈમાં તેના આ લુક અને ઈવેન્ટની તસવીરો સોશિયલ મીડિયા પર અત્યારે ટ્રેન્ડ કરી રહી છે.

# પાકિસ્તાને UAEનું $3.45 અબજનું તમામ દેવું ચૂકવ્યું

**સાઉદી** અરેબિયા પાસેથી મળેલી 3 બિલિયન ડોલરની મદદ બાદ પાકિસ્તાને આ દેવું ચૂકવ્યું છે

**યુદ્ધને** કારણે ઊભી થયેલી તણાવપૂર્ણ સ્થિતિના કારણે યુએઇએ આ રકમ તાત્કાલિક પરત માગી હતી

ઈસ્લામાબાદ, તા. 24 (પીટીઆઈ): પાકિસ્તાને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) પાસેથી લીધેલું 3.45 બિલિયન ડોલરનું તમામ દેવું પરત કરી દીધું છે. શુક્રવારે પાકિસ્તાની સેન્ટ્રલ બેંક 'સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાન' (એસબીપી)એ સોશિયલ મીડિયા પર આ વ્યવહાર પૂર્ણ થયો હોવાની સત્તાવાર પુષ્ટિ કરી છે.

સેન્ટ્રલ બેંકના જણાવ્યા મુજબ, પાકિસ્તાને 23 એપ્રિલ, 2026ના રોજ અબુ ધાબી ફંડ ફોર ડેવલપમેન્ટ (એડીએફડી)ને 1 બિલિયન ડોલરના છેલ્લા હપ્તાની ચૂકવણી કરી હતી. આ અગાઉ ગયા અઠવાડિયે 2.45 બિલિયન ડોલર ચૂકવવામાં આવ્યા હતા. આ સાથે જ યુએઈની કુલ 3.45 બિલિયન ડોલરની રકમ પરત કરવામાં આવી છે.

પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ઊભી થયેલી તણાવપૂર્ણ સ્થિતિને જોતા યુએઈએ આ રકમ તાત્કાલિક પરત માગી હતી. વર્ષ 2019માં પાકિસ્તાનની આર્થિક સ્થિતિ સુધારવા અને ચુકવણી સંતુલનને સ્થિર કરવા માટે યુએઈએ આ નાણાકીય સહાય પૂરી પાડી હતી. નોંધનીય છે કે, માર્ચ મહિનામાં પાકિસ્તાન આ લોનની મુદત લંબાવવામાં નિષ્ફળ રહ્યું હતું, જે છેલ્લા સાત વર્ષમાં પ્રથમવાર બન્યું હતું.

આ ચૂકવણી એવા સમયે કરવામાં આવી છે જ્યારે પાકિસ્તાનને તાજેતરમાં જ સાઉદી અરેબિયા પાસેથી 3 બિલિયન ડોલરની આર્થિક સહાય મળી છે. જોકે, આંતરરાષ્ટ્રીય બજારમાં ઉર્જાના વધતા ભાવ અને વૈશ્વિક મૂડી બજારની સ્થિતિને જોતા વિશ્લેષકો માની રહ્યા છે કે પાકિસ્તાન માટે હજુ પણ બાહ્ય ધિરાણનું જોખમ જળવાયેલું છે. પાકિસ્તાન અત્યારે આઈએમએફના સહયોગથી આર્થિક સુધારાના પ્રયાસો કરી રહ્યું છે.

# કભી ઇન્ડિયા આ કે દેખો: ટ્રમ્પની 'નરક' વાળી ટિપ્પણી પર ઈરાનનો વળતો પ્રહાર

**કદાચ** કોઈએ મિસ્ટર ટ્રમ્પ માટે ભારતની 'કલ્ચરલ ડિટોક્સ' ટ્રીટ બુક કરવી જોઈએ: ઈરાનના કોન્સ્યુલેટ જનરલ

મુંબઈ, તા. 24: અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને ચીન જેવા દેશોને 'હેલ-હોલ્સ' (નરક સમાન જગ્યાઓ) તરીકે ઓળખાવતી એક પોસ્ટ શેર કરતા વિવાદ સર્જાયો હતો. આ મામલે હવે ઈરાને ટ્રમ્પની મજાક ઉડાવતા તેમને ભારતની મુલાકાત લેવાની સલાહ આપી છે. મુંબઈમાં ઈરાનના કોન્સ્યુલેટ જનરલે મહારાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાનો એક વીડિયો શેર કરીને ટ્રમ્પ પર પ્રહાર કર્યો. તેમણે લખ્યું કે, 'કદાચ કોઈએ મિસ્ટર ટ્રમ્પ માટે ભારતની 'કલ્ચરલ ડિટોક્સ' ટ્રીટ બુક કરવી જોઈએ, જેથી તેમની આવી 'બકવાસ' ઓછી થાય. કભી ઈન્ડિયા આ કે દેખો, ફિર બોલના.' ટ્રમ્પે માઈકલ સેવેજ નામના વિશ્લેષકની પોસ્ટ શેર કરી હતી, જેમાં ભારત અને ચીનના ઈમિગ્રન્ટ્સને લેપટોપ સાથેના ગેંગસ્ટર ગણાવ્યા હતા અને કહ્યું હતું કે આ દેશો 'નરક' જેવા છે. સેવેજે અમેરિકાના જન્મજાત નાગરિકતા કાયદાની ટીકા કરતા વંશીય ટિપ્પણી કરી હતી. ભારતીય વિદેશ મંત્રાલયે આ ટિપ્પણીને અયોગ્ય અને ખરાબ રુચિવાળી ગણાવીને તેની નિંદા કરી હતી.



# રાજસ્થાનમાં વરરાજાએ ૧૦૦ ફૂટ લાંબો ચલણી નોટોનો હાર પહેર્યો

**આટલો** લાંબો હાર પહેરવા માટે સીડી પર ચડવું પડ્યું

**હારમાં** ૫૦૦ અને ૧૦૦ રૂપિયાની નોટો હતી, ભાડેથી લાવવામાં આવ્યો હતો

**સ્થાનિક** લોકો કહે છે કે લગ્ન પ્રસંગે આવા હાર પહેરવાની અહીં પરંપરા છે

જયપુર, તા. ૨૪(PTI): રાજસ્થાનના ડીગમાં એક વરરાજા ૫૦૦ અને ૧૦૦ રૂપિયાની નોટોથી બનેલો કથિત ૧૦૦ ફૂટ લાંબો હાર પહેરવા માટે સીડી પર ચઢતો હોય તેવો ૨૦ સેકન્ડનો વીડિયો ઓનલાઈન ફરતો થયો છે. આવો હાર પહેરવાની બાબતને સ્થાનિક લોકો લગ્નની વિધિનો એક ભાગ ગણાવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવનાર આ વીડિયોમાં, વરરાજા આ અસાધારણ લાંબો હાર પહેરવા માટે જરૂરી ઊંચાઈ સુધી પહોંચવા સીડી પર ચઢતો જોવા મળે છે, જ્યારે જમીન પર ઉભેલા અનેક લોકો હારની લંબાઈને ટેકો આપીને સંતુલિત કરી રહ્યા છે. નીચે જીપ સહિતના પાર્ક કરેલા વાહનો પણ દેખાય છે, જે આ પ્રદર્શનના કદને રેખાંકિત કરે છે. એવું કહેવાય છે કે આ હાર ૫૦૦ અને ૧૦૦ રૂપિયાના મૂલ્યની નોટોમાંથી બનાવવામાં આવ્યો હતો.

ડીગના પોલીસ અધિક્ષક શરણ ગોપીનાથ કાંબલેએ આ ઘટનાની પુષ્ટિ કરી અને જણાવ્યું કે આ હાર ભાડે લેવામાં આવ્યો હતો અને અત્યાર સુધી આ મામલે કોઈ ગેરકાયદેસરતા જાણવા મળી નથી. આ ઘટના મેવાત પ્રદેશના જુરાહરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બમનવાડી ગામની છે, જ્યાં ૧૯ એપ્રિલે લગ્ન સમારોહ યોજાયો હતો. લગ્ન દરમિયાન બે વરરાજા, રૂકનુદ્દીન મેવ અને તેનો ભત્રીજો અંસાર મેવ આ હાર પહેરેલા જોવા મળ્યા હતા. ગામના સરપંચે જણાવ્યું હતું કે આ હાર સ્થાનિક પરંપરાનો એક ભાગ હતો અને પ્રસંગ માટે તેની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે, જે લોકો આવા હાર ભાડે આપે છે તેઓ તેને સમારોહ દરમિયાન પ્રદર્શન માટે અહીં લાવ્યા હતા. ત્યાં માત્ર એક જ હાર હતો, જેનો ઉપયોગ બંને વરરાજા દ્વારા કરવામાં આવ્યો હતો અને વધુમાં જણાવ્યું કે આ પ્રદેશમાં આવી પ્રથાઓ રૂઢિગત છે.

## વેનેઝુએલાના પ્રમુખની ધરપકડની વિગતો વાપરી રૂ. 3.30 કરોડ જીત્યા

# અમેરિકી સૈનિકનો ગુપ્ત મિશન પર 'સટ્ટો'

**વેનેઝુએલાની** કાર્યવાહીમાં સામેલ એક પીઢ સૈનિકે તેની માહિતીનો ઉપયગ કરી દાવ લગાડ્યો અને ચાર લાખ ડોલરની કમાણી કરી

**આ સૈનિક** સામે વિવિધ જોગવાઇઓ હેઠળ ગુના દાખલ, વર્ષોની જેલની સજા થઇ શકે

### ઇરાન યુદ્ધ અંગે હાલમાં કેટલાક શંકાસ્પદ દાવ લગાવાયા છે

આ હાઈ-પ્રોફાઈલ ધરપકડ એવા સમયે થઈ છે જ્યારે અમેરિકી સાંસદો યુદ્ધ, હત્યાઓ અથવા આતંકવાદી હુમલાઓ પર સટ્ટાબાજી રોકવા માટે કાયદો લાવવાનું વિચારી રહ્યા છે. આ મહિનાની શરૂઆતમાં અહેવાલ મળ્યા હતા કે પોલીમાર્કેટ પર કેટલાક નવા ખાતાઓએ અમેરિકા અને ઈરાન વચ્ચે ૭ એપ્રિલે યુદ્ધવિરામ થશે કે કેમ તે અંગે અત્યંત ચોક્કસ અને સમયસર સટ્ટો લગાવીને લાખો ડોલરનો નફો કર્યો હતો.

વોશિંગ્ટન, તા. ૨૪(AP): વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને પકડવા માટેના સૈન્ય ઓપરેશનમાં સામેલ અમેરિકી સ્પેશિયલ ફોર્સના એક સૈનિક પર મિશનની ગુપ્ત માહિતીનો ઉપયોગ કરીને ઓનલાઈન સટ્ટા બજારમાં ૪,૦૦,૦૦૦ ડોલરથી વધુ જીતવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, તેમ ફેડરલ અધિકારીઓએ ગુરુવારે જાહેર કર્યું હતું.

ન્યૂયોર્કની ફેડરલ પ્રોસિક્યુટર ઓફિસે જણાવ્યું હતું કે, ગેનન કેન વેન ડાયક જાન્યુઆરીમાં માદુરોને પકડવાના ઓપરેશનનો ભાગ હતા અને તેમણે પ્રિડિક્શન માર્કેટ સાઈટ 'પોલીમાર્કેટ' પર પૈસા કમાવવા માટે પોતાની ગુપ્ત માહિતી સુધીની પહોંચનો ઉપયોગ કર્યો હતો. ન્યાય વિભાગ દ્વારા તેમના પર વ્યક્તિગત લાભ માટે સરકારી ગુપ્ત માહિતીનો ગેરકાયદેસર ઉપયોગ, બિનજાહેર સરકારી માહિતીની ચોરી, કોમોડિટીઝ ફ્રોડ, વાયર ફ્રોડ અને ગેરકાયદેસર નાણાકીય વ્યવહાર કરવાના આરોપો મૂકવામાં આવ્યા છે. તેમને વર્ષોની જેલની સજા થઈ શકે છે.

પ્રોસિક્યુટર ઓફિસના જણાવ્યા અનુસાર, વેન ડાયક ૮ ડિસેમ્બર, ૨૦૨૫થી શરૂ કરીને લગભગ એક મહિના સુધી માદુરોને પકડવાના પ્લાનિંગ અને અમલીકરણમાં સામેલ હતા. જોકે તેમણે ઓપરેશન સંબંધિત કોઈ પણ ગુપ્ત અથવા સંવેદનશીલ માહિતી જાહેર ન કરવાની ખાતરી આપતા નોન-ડિસ્ક્લોઝર એગ્રીમેન્ટ (NDA) પર હસ્તાક્ષર કર્યા હતા, તેમ છતાં પ્રોસિક્યુટર્સ કહે છે કે આ આર્મી સૈનિકે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં માદુરો સત્તા પરથી બહાર થઈ જશે તે અંગે સટ્ટો લગાવવા માટે આ માહિતીનો ઉપયોગ કર્યો હતો. વિશ્વના સૌથી મોટા પ્રિડિક્શન માર્કેટ્સમાંના એક પોલીમાર્કેટે જણાવ્યું હતું કે તેમને કોઈ વ્યક્તિ ગુપ્ત સરકારી માહિતી પર ટ્રેડિંગ કરી રહી હોવાનું જાણવા મળ્યું હતું, જેથી તેમણે અમેરિકી ન્યાય વિભાગને આ અંગે જાણ કરી અને તેમની તપાસમાં સહકાર આપ્યો હતો. કંપનીએ એક નિવેદનમાં કહ્યું, પોલીમાર્કેટમાં ઈનસાઈડર ટ્રેડિંગ માટે કોઈ સ્થાન નથી.

# પવન ખેડાની આગોતરા જામીન અરજી હાઈકોર્ટે ફગાવી

**ખેડાએ** આસામના સીએમનાં પત્ની સામે એકથી વધુ પાસપોર્ટ અને વિદેશમાં અઘોષિત મિલકતો હોવાના આરોપ લગાવ્યા હતા

**રાજકીય** લાભ ખાટવા માટે તેમણે એક નિર્દોષ મહિલાને વિવાદમાં ઘસેડી: હાઈકોર્ટ



ગુવાહાટી, તા. 24 (પીટીઆઈ): કોંગ્રેસ નેતા પવન ખેડાને મોટો ફટકો પડ્યો છે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાનાં પત્ની રિનિકી ભુયાન શર્મા વિરુદ્ધ ખોટા આરોપો લગાવવાથી સંબંધિત કેસમાં ગુવાહાટી હાઈકોર્ટે શુક્રવારે ખેડાની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે.

પવન ખેડાએ એક પ્રેસ કોન્ફરન્સમાં આરોપ લગાવ્યો હતો કે રિનિકી ભુયાન શર્મા પાસે એકથી વધુ પાસપોર્ટ અને વિદેશમાં અઘોષિત મિલકતો છે. આ મામલે રિનિકી શર્માએ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની વિવિધ કલમો હેઠળ ગુવાહાટી ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી. ખેડાએ દાવો કર્યો હતો કે તેમની પાસે આ અંગેના દસ્તાવેજો છે, જ્યારે પોલીસે જણાવ્યું હતું કે તે દસ્તાવેજો પહેલેથી જ ખોટા સાબિત થઈ ચૂક્યા છે.

જસ્ટિસ પાર્થિવ જ્યોતિ સૈકિયાની સિંગલ બેન્ચે અવલોકન કર્યું કે જો ખેડાએ મુખ્યમંત્રી વિરુદ્ધ આરોપો લગાવ્યા હોત તો તે 'રાજકીય નિવેદનબાજી' હોત, પરંતુ રાજકીય લાભ ખાટવા માટે તેમણે એક નિર્દોષ મહિલાને વિવાદમાં ઘસેડી છે. કોર્ટે નોંધ્યું કે ખેડા હજુ સુધી એ સાબિત કરી શક્યા નથી કે રિનિકી પાસે અન્ય ત્રણ દેશોના પાસપોર્ટ છે કે તેમણે અમેરિકામાં કોઈ કંપનીમાં મોટું રોકાણ કર્યું છે.

હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે આ માત્ર બદનક્ષીનો કેસ નથી, પરંતુ બનાવટી દસ્તાવેજો રાખવાનો (બીએનએસ કલમ 339) ગંભીર મામલો છે. કોર્ટે કહ્યું કે પવન ખેડા પોલીસ તપાસ ટાળી રહ્યા છે. આ દસ્તાવેજો કોણે અને ક્યાંથી એકત્ર કર્યા તે જાણવા માટે તેમની કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી છે.

અગાઉ સુપ્રીમ કોર્ટે પણ તેલંગાણા હાઈકોર્ટે આપેલા ટ્રાન્ઝિટ જામીન પર સ્ટે આપીને ખેડાને ગુવાહાટી હાઈકોર્ટમાં જવા કહ્યું હતું. હવે જામીન રદ થતા ખેડાની મુશ્કેલીઓ વધી શકે છે.